## ભારતમાં નવી પેઢી હિન્દી ભાષાથી દૂર થઇ રહી છે ત્યારે EDIમાં

# ચીનના 30 સ્ટુડન્ટ્સ હિન્દી શીખશે



અનિરુદ્ધસિંહ પરમાર, અમદાવાદ : ૨૭ જુલાઈ ૨૦૧૬

નવી પેઢીમાં ઈંગ્લિશનું મહત્ત્વ વધી રહ્યું છે. પેરેન્ટ્સ પોતાના બાળકને નાનપણથી જ ઈંગ્લિશ મિડિયમમાં અભ્યાસ કરાવવાનો મોહ રાખે છે. કારણ કે તેઓ માને છે કે આવનારા સમયમાં બિઝનેસના તમામ વ્યવહારો અને જોબ માટે ઈંગ્લિશ મહત્ત્વનું સાબિત થશે. જો અત્યારના બિઝનેસ સિનારિયોની વાત કરીએ તો પ્રોડ્કશન અને મેન્યુફેક્ચરિંગ ફિલ્ડમાં ચાઇના દુનિયાના દેશોમાં મોટું બજાર છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે ચાઇનાની યુનાન મિન્ઝુ યુનિવર્સિટીના ૩૦ સ્ટુડન્ટ્સ ખાસ હિન્દી શીખવા માટે ઇ.ડી.આઇ.આઇમાં આવ્યા છે. ૧૪ મહિનાના કોર્સ દરમિયાન તેમને ભારતની સભ્યતા, સંસ્કૃતિ અને કલ્ચર વિશે માહિતગાર કરવામાં આવશે.

## ચીનમાં હિન્દી ભાષાને કોર્સના સબ્જેક્ટ તરીકે સ્થાન મળ્યું

ભારતમાં જ્યાં યંગસ્ટર્સ હિન્દી ભાષાથી દૂર થઇ રહ્યાં છે ત્યારે ચાઇનામાં ૨૦૧૧થી યુનાન મિન્ઝુ યુનિવર્સિટીમાં હિન્દી ભાષાને સબ્જેક્ટ તરીકે સ્થાન આપીને તેને ભણાવવામાં આવી રહ્યું છે. જેમાં યંગસ્ટર્સ મોટી સંખ્યામાં જોડાઇ રહ્યા છે. ભારતને મોટા માર્કેટ તરીકે ગણીને પોતાના બિઝનેસના બ્રાઇટ ફ્યૂચર માટે તેઓ હિન્દી ભાષા શીખી રહ્યા છે.

## ચીનના લોકોને પસંદ છે બોલિવૂડ ફિલ્મ

ચિનના લોકો મોટેભાગે પોતાની પ્રાદેશિક મૂવી જોતા હોય છે. પરંતુ સ્ટુડન્ટ્સે જણાવ્યું હતું કે અમે બોલિવૂડની ૩ ઇડિયટ્સ, લંચબોક્સ, અશોકા, જોધા અકબર, ઓહ્ માય ગોડ, સત્યાગ્રહ, માય નેમ ઇઝ ખાન જેવી ફિલ્મો અમે જોઇ છે. ચાઇનામાં આમિર ખાન ફેમસ એક્ટર છે, લોકો તેની ફિલ્મો જોવાનું વધારે પસંદ કરે છે.

## કલ્ચર જાણવા હિન્દી ભાષા મહત્ત્વની છે



દરેક દેશનું ફ્યૂચર તે દેશના યંગસ્ટર્સ છે. ભારત અને ચાઇનામાં પણ યંગસ્ટર્સની સંખ્યા ઘણી વધારે છે. ભારતને સારી રીતે જાણવા માટે અમે છેલ્લા ત્રણ વર્ષથી ચાઇનાના સ્ટુડન્ટ્સને હિન્દી શીખવા માટે મોકલીએ છીએ. ચાઇનામાં પણ ભારતના માર્કેટને ધ્યાનમાં રાખીને ખાસ હિન્દી કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં યંગસ્ટર્સ ઘણો ઇન્ટ્રેસ બતાવી રહ્યા છે. શરૂઆતના સમયમાં ચાઇનાના સ્ટુડન્ટ્સ અહીં આવવા તૈયાર થતા ન હતા. પરંતુ અહીંના વાતાવરણ અને લોકોના સ્વભાવને કારણે સ્ટુડન્ટ્સ ગુજરાતમાં આવીને અભ્યાસ કરવા માટે તૈયાર થાય છે.

- કાઓ ચેનવિ, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, ચાઇના યુનિ.

## બિઝનેસ માટેનું સારું વાતાવરણ લોકોના હિતમાં છે



ભારતની ઇકોનોમી ગ્રો થઇ રહી છે. અહીં બિઝનેસની ઘણી સારી તક રહેલી છે. સાથે જ ગુજરાત અને ચાઇનાના યુનાન સ્ટેટ વચ્ચેના સંબંધો વિકસે તેમાં મને ખાસ રસ છે. તેથી હું અહીં હિન્દી શીખી રહ્યો છું. અહીંનું વાતાવરણ સેટ થવામાં થોડી મુશ્કેલી છે, પરંતુ બિઝનેસ માટે તમામ સમાધાન કરી શકાય છે. છેલ્લા થોડા સમયથી ચાઇના અને ભારત વચ્ચે સહકારનું વાતાવરણ ઊભું થઇ રહ્યું છે, જે બંને દેશના લોકો માટે ફાયદાકારક છે.

-ફ્યૂચર

## ભારતમાં આઇ.ટી, એગ્રિકલ્ચર, ટૂરિઝમમાં ઘણાં સ્કોપ છે



ભારતમાં આવનારા સમયમાં આઇ.ટી, એગ્રિકલ્ચર, ટૂરિઝમ ફિલ્ડમાં ઘણા સ્કોપ છે. આ ફિલ્ડના બિઝનેસમાં તમને ફ્યૂચરમાં ફાયદો થશે. સાથે જ ભારતીય ફિલ્ડનું મેડિકલ સેક્ટર અત્યારે ગ્રો થઇ રહ્યું છે. ફ્યૂચરમાં ફિલ્ડમાં ઘણા સારા ઓપ્શન જોવા મળી રહ્યા છે. અમારી પહેલાં ત્રણ બેચના સ્ટુડન્ટ્સ હિન્દી શીખીને ભારતમાં સારો બિઝનેસ કરી રહ્યા છે. યંગ ભારત દરેક બિઝનેસ માટે મોટું માર્કેટ છે.

- લિ પઇ યમ્બગ, સ્ટુડન્ટ

## ચીનના સ્ટુડન્ટ્સને ગુજરાત પસંદ છે



ઇ.ડી.આઇ.આઇ દ્વારા ચાલતા પ્રોગ્રામમાં અત્યાર સુધીમાં ત્રણ બેચ આવી ચૂકી છે. જેના મોટાભાગના સ્ટુડન્ટ્સ ભારતમાં કામ કરી રહ્યા છે. અહીં તેમને ભારતની સભ્યતા, સંસ્કૃતિ અને આંત્રપ્રિન્યોરશિપ શીખવવામાં આવે છે. સાથે જ અમે હિન્દી ડ્રામા, પોઇમ કોમ્પિટિશન, કંપની વિઝિટ, જાણીતા સ્થળોની મુલાકાત વગેરે વિવિધ એક્ટિવિટી પણ કરી છીએ. સ્ટુડન્ટ્સને ગુજરાતનું કલ્ચર પસંદ છે. તેઓ અંહી વધારે સંખ્યામાં હિન્દી શીખવા ગુજરાત આવે છે.

- અવધેશ ઝા, પ્રોગ્રામ ડાયરેક્ટર